॥ ॐ तत्सत् ॥

॥ अथ श्री ज्ञानादर्शनं ॥

બનાવનાર

શ્રી શંકર જગન્નાથ તીર્થ

છપાવી પ્રસીદ્ધ કરનાર

ભવાનીશંકર ગીરજાશંકર કાઠીયાવાડ.

અમદાવાદમાં ઘીકાંટે
વાડીના મેડાઉપર શા. કેશવલાલ ગુલાબચંદે
પોતાના ધી ચંદ્રપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી.

સંવત ૧૯૫૯ સને ૧૯૦૩


॥ ॐ तत्सत् ॥

॥ श्री जगन्नाथो विजयतेतराम् ॥

॥ अथ श्री ज्ञानादर्शनी समज ॥

सत्यं ज्ञानमनन्तं ब्रह्म ॥ બ્રહ્મરૂપી પરમાત્માનુ લક્ષણ શું ? એમ જીજ્ઞાસા થતા કહેવામા આવ્યુ છે કે સત્યસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ અને અનન્તસ્વરૂપ બ્રહ્મ છે. એ પરમાત્મા સાકાર નિરાકાર અગર સગુણ નિર્ગુણ એ રીતે બે સ્વરૂપથી સ્થિત છે. સાકાર તે દીપ્તિરૂપ અને નિરાકાર તે ગુપ્તિરૂપ છે તેને માટે કહ્યુ છે કે—**तदे तत्सत्य मिति ॥** એ સત્યરૂપ પરમાત્મા બ્રહ્મ જેમ સમ્યક પ્રકારે પ્રજ્વલિત અગ્નિથી જારો વિસ્ફુલિંગો (તણખા) ઉત્પન્ન થાય છે તે એક સરખા રૂપવાળા ય છે તેમ અક્ષર જે પરમાત્મા તે થકી બે પ્રકારના સૌમ્ય ભાવ-વાળા ઉત્પન્ન થાય છે અને ત્યાંજ વ્યાપિ રહેલ છે. તે દીવ્ય અને મૂર્ત્ત પુરૂપ બાહ્ય અને આભ્યન્તર જન્મ મરણ રહિત પ્રાણાપાણ રહિત, મનની ઉપાધિ વિનિર્મુક્ત, શુદ્ધસ્વરૂપ, અક્ષરથકી જે પર તે થકી પણ પર પરમાત્મા છે. એ પરમાત્મા થકી પ્રાણ, મન, સર્વે ઇન્દ્રિયો, આકાશ, વાયુ, અગ્નિ, જલ, અને વિશ્વને ધારણ કરવા-વાલી પૃથ્વી ઉત્પન્ન થઇ છે. એ પરમાત્માને સૂર્ય, ચંદ્ર, તારા, વિજળી, પ્રકાશ કરી શકતાં નથી તો આ અગ્નિ તો ક્યાંથીજ પ્રકાશ કરી શકે ? તે પરમાત્માના પ્રકાશથીજ આ બધું પ્રકાશે છે. તેનુ આ ✻ અગ્નિ સ્વરૂપ ચિન્હ છે. અને આ • બિંદુ દીપ્તિ સ્વરૂપ ચિન્હ છે. **सदेव सौम्येद मग्र आसीदिति ॥** હે સૌમ્ય (પ્રિય દર્શન) આ સર્વમ જગત્ પ્રથમ સત્‌રૂપ હતું. તે નિત્ય મુક્ત, વિક્રિયાથી રહિત

જ્ઞાન અને આનંદ સ્વરૂપ (સચ્ચિદાનંદ સ્વરૂપ) એવું તત્ત્વ, સનાતન, એક અદ્વિતીય બ્રહ્મ છતું તેના એક ભાગ ભૂમિમાં જલ, છીપમાં રૂપું, સ્તંભમાં પુરુષ, સ્ફટિકમાં જેવો લાગે રંગ તેવું આ સમગ્ર ભ્રાન્તિથી દેખાય છે તેમ રજોગુણ, સત્ત્વગુણ તમોગુણમય ત્રિગુણ સામ્યાવસ્થાવાળી અનિર્વચનીય મૂલ પ્રકૃતિ છે એ મૂલ પ્રકૃતિ વિદ્યા અને અવિદ્યા એમ બે પ્રકારની છે તેમાં લાલ રંગ તે વિદ્યાનો છે અને કાળો રંગ તે અવિદ્યાનો છે વિદ્યાથી સમષ્ટિ અને અવિદ્યાથી વ્યષ્ટિ છે તે સમષ્ટિ વ્યષ્ટિની એકતા સૂચક ચિન્હ




આ છે **सापुन विकृतिं माप्येति.** તે પ્રકૃતિ ફરી વિકૃતિને પામીને વિશેષ સત્ત્વગુણવાળી અવ્યક્ત નામની આવરણ શક્તિ છે આવરણ શક્તિથી વિશેષ રજોગુણવાળી મહત્ નામની વિક્ષેપ શક્તિ થાય છે, અને વિક્ષેપ શક્તિથી વિશેષ તમોગુણવાળી અહંકાર નામની સ્થુલ શક્તિ થાય છે. ચૈતન્યના પ્રતિબિંબને ગ્રહણ કરી એ શક્તિઓ જે જે વિશેષ રૂપો થયેલ છે. તે કહે છે—**मूलप्रकृत्यामिति**—મૂલ પ્રકૃતિમાં પ્રતિબિંબવાળું જે સ્વરૂપ તે સાક્ષિ ચૈતન્ય છે. મહત્ નામની વિક્ષેપ શક્તિમાં પ્રતિબિંબવાળું જે સ્વરૂપ તે હિરણ્ય ગર્ભ ચૈતન્ય છે અહંકાર નામની સ્થૂલ શક્તિમાં પ્રતિબિંબ થયેલું રૂપ તે વિરાટ ચૈતન્ય છે. અને અવ્યક્ત નામે આવરણ શક્તિમાં પ્રતિબિંબિત જે

શ્વર ચૈતન્ય છે એ પ્રમાણે સાકાર અને સગુણ સ્વરૂપ છે. આ સાકાર સ્વરૂપનું ઉપાસન કરવાનું અધિકારિ પરત્વે ભિન્ન ભિન્ન કથન કરેલ છે કારણ કે જેવું જેવું રસ તેવું તેવું ઔષધ હોય છે. તે પ્રમાણે **योगदर्शनना** ચિત્ત નિરોધના ઉપાયમાં કહ્યું છે કે **यथा भिमत ध्यानाद्वा** જે પોતાને અભિમત કહેતા પ્રિય હોય તેનું ધ્યાન કરવાથી પણ ચિત્ત નિરોધ થાય છે એ પ્રમાણને આપણા વૃદ્ધોએ પંચાયતન દેવોનું પૂજન તથા ઉપાસના કહેલ છે અને તે પાંચે એકજ દેવ છે પણ રુચિ અનુસારે અધિકારી ભેદે તેને તે તે દેવ ઉપાસના ઓચિત છે તે **गणेश इति**—ગણપતિ, સૂર્ય, વિષ્ણુ, રુદ્ર અને શક્તિ, એ શાસ્ત્રત જે પંચાયતન દેવો વેદમાં પૂજવા યોગ્ય કહેલ છે વળી—**ब्रह्मा विष्णु श्च रुद्र श्चेति**—બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, ઇશ્વર, અને સદાશિવ એ પાંચે દેવો પંચાયતન છે અને એ પાંચે બ્રહ્મ સ્વરૂપજ છે. (અર્થાત બ્રહ્મ સ્વરૂપ એકજ દેવ છે એ પાંચે જુદા નથી એક છતાં અધિકારી ભેદે ઉપાસનામાં પૃથક કહ્યા છે વસ્તુતા એકજ છે) એ ગણપતિ, બ્રહ્મા ભાસ્કર, વિષ્ણુ રુદ્ર, ઈશ્વર અને સદાશિવ પ્રણવમાં ગોઠવ્યા છે. તે પ્રાણાયામ મંત્રથી એટલે સપ્ત વ્યાહૃતિ અને શિરો મંત્ર યુક્ત ગાયત્રી મંત્રથી ઉપાસન કરવાનું છે તે—**अथ सर्व देवतात्मन इति** [illegible] સર્વ દેવના આત્મા સર્વેની શક્તિ અથવા સર્વ શક્તિમાન, સર્વનો પ્રકાશક તેજોમય, પરમાત્માનું સર્વાત્મક સ્વરૂપ પ્રતિપાદન કરનાર ગાયત્રી [illegible] મંત્રનો ઉપાસનાનો પ્રકાર પ્રકાશ કરાય છે (અર્થાત કહેવામાં આવે છે) પ્રાણાયામમાં પ્રણવાદિ સપ્તવ્યાહૃતિ અને શિરઃસમેત ગાયત્રીને સર્વ [illegible] સારરૂપ કહે છે. એ પ્રકારે ગાયત્રી પ્રાણાયામવડે ઉપાસના કરવા [illegible] છે. વળી પ્રણવ અને ત્રણ વ્યાહૃતિ સહિત અન્તમાં પ્રણવવાળા

ગાયત્રી જપાદિકે ઉપાસના કરવા યોગ્ય છે એ સપ્ત વ્યાહૃતિ **भूः भुवः स्वः महः जनः तपः** અને **सत्यं** એ છે હવે પ્રાણ કરી પ્રાણવાયુને મૂલાધાર, સ્વાધિષ્ઠાન, નાભિ નીચે વૈશ્વાનર અગ્નિ— મણિપુર, અનાહત, વિશુદ્ધ, આજ્ઞાચક્ર, વગેરે સ્થાનોએ લઇ જઇ પરમાત્માને પામવા માટે જે ચક્રભેદ કરી ધારણા, ધ્યાન, સમાધિ કરવા યોગ શાસ્ત્રમાં કહેલ છે. તે બતાવેલ છે અને તે તે ચક્રે જે જે દેવો છે તે શક્તિએ સહિત બતાવેલ છે તેજ ગણપતિ, બ્રહ્મા, ભાસ્કર, વિષ્ણુ, રૂદ્ર, ઇશ્વર. અને સદાશિવ છે. અને તે પ્રણવમાત્ર ગણ્યા છે. તે એમ બતાવવા કે તેઓ પરમાત્માથી પૃથક્ નથી હવે પ્રણવ ૐ આ પ્રમાણેજ શા માટે લખ્યો તે બતાવવા માટે કહ્યું છે કે—**तारकं दंडकं चैवेति**—પ્રથમ ૐકારમાં આ ૩ ત્રગડાના આકાર જેવો જે છે તે તારક નામથી કહેવાય છે. આ—દંડના આકાર જેવો છે તે દંડક કહેવાય છે. આ ૦ કુંડલના આકાર જેવો તે કુંડલ કહેવાય છે આ ˘ આકૃતિ અર્ધચંદ્ર જેવી છે તે અર્ધ માત્રા કહેવાય છે અને આ • પાંચમી બિંદુ જેવી આકૃતિ છે. એ પાંચે સનાતન બ્રહ્મ છે એમ સર જાવવા માટે પ્રતિપાદન કરેલુ છે. તેથી સમજાશે કે બ્રહ્મ જે પરમાત્મા છે, તે એકજ છે અને ઉપાસનામાં અધિકારી પરત્વે ભિન્ન ભિન્ન બતાવેલ છે. કોઈ નાહકનો ક્લેશ કરી જુદા સમજી આપસ આપસમાં વઢી (લડી) મરવા માટે નથી; છતા નાહક ખરૂ તાત્પર્ય સમજ્યા વિના એક બીજા પરસ્પરમાં વઢી (લડી) મરે છે, એ અજ્ઞાનતાને લીધેજ છે; એ નિશ્ચય સમજવું. સાથે પ્રાણાયામ મંત્ર તથા તેનો અર્થ બતાવેલ છે વળી સપ્ત વ્યાહૃતિ અને તેના દેવો, ગાયત્રી મંત્રનાં ત્રણ પાદ અને દરેક અક્ષરના દેવો તથા શિરોમંત્રના દેવો સહિત બતાવેલ છે. તે [illegible] સમજવા માટે છે વળી તે પ્રાણાયામ મંત્રને પાંચ ભાગમાં [illegible]

તે પંચ કોશથી પર પરમાત્મા છે એમ બતાવવા માટે છે. એ ષટ્ચક્ર ના દેવો તથા સપ્તવ્યાહૃતિ યોગ રીતિએ સમજાવીને પછી વેદાન્ત રીતિએ સમજણ પાડવા માટે લખ્યું છે કે-**भूरिति** ભૂ એ પ્રકારે નિત્ય પણું કહેવાય છે **भुवइति** ભુવ એ પ્રકારે સર્વને ભાવના કરે છે પ્રકાશ કરે છે એ પ્રમાણે વ્યુત્પત્તિવડે ચિદ્રૂપપણું કહેવાય છે. **स्वरिति** સ્વ એ પ્રકારે સારું ગાં એ ભજવા યોગ્ય સુખરૂપ પણું કહેવાય છે. **महइति** મહ એ પ્રકાર મહાન્ પૂજાય છે એવી વ્યુત્પત્તિવડે સર્વાતિશાયપણું કહેવાય છે **जनइति** જન એ પ્રકારે ઉત્પન્ન કરે છે એવી વ્યુત્પત્તિવડે સકલ કારણપણું કહેવાય છે, **तपइति** તપઃ એ પ્રકારે સર્વ તેજોરૂપ પણ કહેવાય છે **सत्यमिति** સત્યમ્ એ પ્રકારે સર્વ બાધા રહિતપણું કહ્યું છે ઇશ્વરનું મૂર્તસ્વરૂપ આકૃતિ ચિત્રેલી છે, અને અમૂર્ત સ્વરૂપ • બિંદુ કહેલ છે. બિંદુથી સર્વે આકૃતિઓ થયેલ છે. તેની સમજ ઉપર આપી છે. એ દીપ્તિરૂપ છે સર્વે વ્યવહાર જ્ઞપ્તિ અને દીપ્તિ રૂપથી થાય છે. જ્ઞપ્તિનું સ્થૂલરૂપ નાદ છે, અને તે સર્વે વાણીનું મૂળ છે. વાયુ, આકાશ, તન્માત્રા, અહંકાર, મન. બુદ્ધિ, ચિત્ત, અન્ત કરણ મહત્તત્વ, પ્રકૃતિ, પુરૂષ, અને પરમાત્મા એ સર્વે જ્ઞપ્તિરૂપ છે. અને લિપી તથા આકૃતિઓ સર્વે દીપ્તિરૂપ છે તે સર્વે આકૃતિઓનું સૂક્ષ્મરૂપ બિંદુ છે. તે પ્રમાણે વાણી તથા લિપી વતી સર્વ વ્યવહાર થાય છે. જણાય તે જ્ઞપ્તિ, અને દેખાય તે દીપ્તિ છે. * પ્રથમ આનું નાહાનું રૂપ બતાવ્યું છે. અને પછીથી



આવું ગોળાકાર રૂપ બતાવ્યું છે તેનું કારણ કે પરમાત્મા અણુમાં અણુ અને મોટામાં મોટો છે તે સમજવાને માટે અને તેને માટે **अणोरणीयान्महतो महीयानिति** શ્રુતિ અર્થ સમેત ઉપર દાખલ છે

*

ૐ આ પ્રમાણે લખી એ બતાવ્યું જે આ પરમાત્માના એક કિરણમાં સમષ્ટિવ્યાહૃતિરૂપી સપ્તલોક તથા નીચેના સપ્ત પાતાળ મળી ચૌદ લોકનું એક બ્રહ્માંડ, એવા અનંત કિરણોમાં ૐ લખી અસંખ્ય બ્રહ્માંડો પરમાત્માના પ્રકાશમાં ત્રસરેણુની માફક ફર્યા કરે છે. અને બ્રહ્માંડો તથા બ્રહ્માંડોના અધિષ્ઠાતા દેવો એ બધા જે પરમાત્માનાં કિરણો છે એમ બતાવ્યું છે. એ પરમાત્મા કોણ છે? એ જિજ્ઞાસાને દૂર કરવા માટે કહ્યું છે કે-**यतोवेति**—જે થકી આ સર્વ પ્રાણિઓ (ભૂતસમૂહ) ઉત્પન્ન થાય છે **येनजातानीति**—ઉત્પન્ન થયેલાં પ્રાણિઓ (ભૂતો) જેણે કરી જીવે છે **यत्प्रयन्त्यभि संविशन्तीति**— ગતિ કરતા સર્વે ભૂતો જેની અંદર લય પામે છે એવી રીતનું પરમાત્માનું તટસ્થ લક્ષણ છે. **तद्विजिज्ञासस्व**—તે સ્વરૂપને જાણવાની ઇચ્છાવાળો થા. **तब्रह्मेति**—તે બ્રહ્મ છે. એ પ્રમાણે કહેલ છે. તે બ્રહ્મ કોણ? એવી જીજ્ઞાસા ઉત્પન્ન થતાં કહ્યું છે કે **प्रज्ञानंब्रह्म**——પ્રજ્ઞાન બ્રહ્મ છે. પ્રજ્ઞાન બ્રહ્મ તે શું? તેમ જીજ્ઞાસા થતાં કહ્યું છે કે-**अय**

अयमात्मा ब्रह्म-આ આત્મા બ્રહ્મ છે આત્મા કેવું ? એમ જીજ્ઞાસા થતાં કહ્યું છે કે-**तत्त्वमसि** તે તું છે. આ વાક્યનું શ્રવણ, મનન, અને નિદિધ્યાસન થઇ નિશ્ચય થયા પછી કહે છે કે **अहंब्रह्मास्मि**—હું બ્રહ્મ છું. પછી વિચાર દ્રષ્ટિ જોતાં અનુભવમાં આવતાં કહેવાય છે **सर्वं खल्विदं ब्रह्म**—ખરી રીતે સર્વ આ નામ રૂપાત્મક જગત્ રૂપજ છે. પછી **पूर्णमद इात**—એ બ્રહ્મ પરોક્ષ રીતે કહેલું વ્યાપક બ્રહ્મ તથા અપરોક્ષ રીતે વ્યાપી રહેલું પૂર્ણ બ્રહ્મ, એ જે વ્યાપકથી પણ વ્યાપક રૂપે રહેલ છે. ને પૂર્ણ સ્વરૂપ બ્રહ્મનું પૂર્ણપણું લઇને શેષ પૂર્ણ સ્વરૂપજ બાકી રહે છે. એ પૂર્ણરૂપ લિપીમાં • બિંદુરૂપ છે. અને તે ॐ असि (જ્ઞાનસ્વરૂપ) છે. તે બિંદુરૂપ • બિન્દુથી લીટિ, વર્તુલ, ત્રિકોણ; ચતુષ્કોણ, ષટ્કોણ, અષ્ટકોણ, વગેરે સમગ્ર આકૃતિઓ સમજાતી છે. પછી અનુભવથી કહે છે કે-**नेहनानास्ति किंचन**—આ જે અનેક પ્રકાર જ્ઞાન થયા પહેલા બીજા રૂપે ભાસતું હતું. પણ હવે (જ્ઞાન થયા પછી) એતમામ પરમાત્મા સિવાય બીજું કાંઇ છેજ નહિ એમ જણાતી



આવી આકૃતિ કરી અને ચારે બાજુએ પણ જુદા જુદા રંગના પ્રણવો લખીને પણ એજ બતાવ્યું છે કે જે આ સમગ્ર છે તે પરમાત્મા રૂપજ છે. એ સિવાય બીજું કાંઇ પણ જ્ઞાન દ્રષ્ટિમાં છેજ નહિ પછી આરે [illegible] કહ્યું છે કે-**ऋतेज्ञानान्न मुक्तिः** જ્ઞાન સિવાય મુક્તિ નથી.

ત્યાગી પુરૂષોએ પરમાત્માને કેવળ પુરૂષ રૂપથી ધ્યાન કરવાને માટે પુરૂષના સ્વરૂપો ચિતરેલા છે. અને ત્યાગી સ્ત્રિઓએ શક્તિ રૂપથી ધ્યાન કરવાને સુગમ પડે તે માટે શક્તિયો ચિતરવામાં આવેલ છે. અને ગૃહસ્થ પુરૂષ અગર સ્ત્રિઓ માટે પુરૂષ અને શક્તિ સ્વરૂપો ચિત્રેલા છે. કારણ કે સજાતીયનું ધ્યાન ધરવાથી વિકાર પ્રાપ્ત થતો નથી વિજાતીયનું ધ્યાન ધરવાથી વખતે વિકારનો સંભવ રહે છે. અને કહ્યું પણ છે કે. **द्वितीया द्वैभयंभवति ।** એ પણાથી નિશ્ચય ભય થાય છે ગુજરાતીમાં પણ કહ્યું છે કે. "બગડે બે" બે પણું છે ત્યાં બગડવા પણું છે. અને એક છે ત્યાં આનંદ છે. માટે સજાતીય ધ્યાન કરવા કહેલ છે કદાચ માતા પિતા રૂપે ધ્યાન ધરે તો પણ અડચણ નથી. કારણ કે માતા પિતામાં વિકાર બુદ્ધિ થતિ નથી—આનું નામ '**ज्ञानादर्श**'' શા માટે પાડ્યું છે. તે જણાવવા માટે કહેવાય છે કે **ज्ञान+आदर्श='ज्ञानादर्श**'' એટલે જ્ઞાનનું દર્પણ. જેમ એક જંગી પહાડ ઝાડની ઘટા ઝરણો દેવાલયો વગેરેથી ભરપૂર હોય, તેની સામે દર્પણ રાખવાથી તે દર્પણ નાનું છતાં અને પહાડ મહોટો છતાં પહાડનું પ્રતિબિંબ દર્પણમાં સમાય છે તેમ આ "જ્ઞાનાદર્શ" રૂપી દર્પણમાં પરમાત્માને પામવાના સામગ્ર ગ્રંથેનો સમાવેશ થયેલ છે. અને વેદમાં કર્મ, ઉપાસના, અને જ્ઞાન, એવા ત્રણ કાંડ છે તેનો પણ સમાવેશ થયેલ છે તેથી જો આ યથાર્થ સમજાય તો બીજાની અપેક્ષા થોડીજ રહેશે. વળી આ "**ज्ञानादर्श**" તકતામાં જડી ઘરમાં રાખવાથી શોભા આપે તેમ છે પ્રાતઃકાળમાં દેવનાં દર્શન કરવાં હોય તો થઇ શકે તેમ છે અને સમજ સાથે યથાર્થ સમજવાથી કલ્યાણ થાય તેમ છે. તેને લઇ આ "**ज्ञानादर्श**" નિર્વિવાદે અતિ

ઉપયોગી છે આ ઉપરથી ભિન્ન ભિન્ન દેવોનાં સ્માર્ત ધર્મવાળાને ઉપાસના અધિકારો ભેદે જુદી જુદી બતાવી છે. પણ તે વસ્તુતાએ એકજ છે એમ સમજાશે અને તેથી જે લોકો નાહક આદર અંદર કલેશ કરે છે તે દૂર થવાનો સંભવ છે.

આ ગુજરાતમાં મુખ્ય કરી શૈવ અને વૈષ્ણવ એમ બે ધર્મનું વિશેષ પ્રાબલ્ય છે તેમાં વૈષ્ણવો દરજી ને ત્યાં કપડું શિવડાવવા જાય તો ત્યાં પણ કપડું શિવ એમ કહેતા નથી, કારણ કે એમ કહેવાથી શિવનું નામ આવી જાય તો તેમને ઠીક લાગતું નથી; તેથી કપડું બંધાવ, અંગરખું બનાવ એમ કહે છે અને શિવ પરત્વે તથા રૂદ્રાક્ષ પરત્વે ખાસ દ્વેષ કરે છે. તેવીજ રીતે અજ્ઞાની શૈવો પણ વિષ્ણુ પરત્વે દ્વેષ કરે છે, તે મૂર્ખતા શિવાય બીજું કાંઇજ નથી શિવ એટલે મંગળ, કલ્યાણ, અને વિષ્ણુ એટલે વ્યાપક એવો અર્થ થાય છે. વળી અર્થોમાં પણ એમની એકતાજ છે. જુદાપણું છેજ નહી, તેમ શિવનું નામ લેવાને અડચણ નથી. તે જણાવવા માટે કહેવામાં આવે છે કે—यजुर्वेद अ. १६ मंत्र ४१ **नमःशम्भवायच मयोभवायच नमःशंकरायच मयस्करायच नमः शिवायच शिवतरायच ॥** સુખ ભોગ મોક્ષરૂપ સુખ દેવાવાળા ભક્તોને ભોગ મોક્ષ સુખના દાતા કલ્યાણરૂપ કલ્યાણકારી શિવને નમસ્કાર છે શ્વેતાશ્વતરઉપનિષદમાં કહે છે કે—**एको हि रुद्रो न द्वितीयाय तस्थुः ॥** અન્તકાળમાં એક રૂદ્રજ અવશેષ રહે છે બીજું રહેતું નથી. **ज्ञात्वा शिवं शान्तिमत्यन्त मेति ॥** શિવને જાણીને અત્યન્ત શાંતિને પામે છે, અર્થાત્ શિવના જ્ઞાનથીજ મુક્તિ થાય છે. તથા શ્રુતિઃ—**त्र्यम्बकं यजामहे सुगंधिं पुष्टिवर्द्धनं उर्वारुक मिव बन्धना न्मृत्यो र्मुक्षीयमा मृतात् ॥** અર્થ

ગર્ભવિશિષ્ટ હોવાથી કપિલ, અને મોક્ષરૂપ પુરુષાર્થ સિદ્ધ કરવાવાળા ત્રણ લોકના પિતા અથવા ત્રણ કાલના વેદ રૂપ શબ્દવાળા, ત્રણ **अकार उकार मकार** થી સિદ્ધ થવા વાળા, અથવા પૃથ્વી, અન્તરિક્ષ, સ્વર્ગ રૂપ ત્રણ નેત્રવાળા શિવનું હું પૂજન કરું છું, તે મને મૃત્યુથી છોડાવીને જે જન્મ મરણનો ક્લેશ દે છે તેથી છોડાવીને જેમ પાકેલું સાકરટેટીનું ફળ શાખાથી પોતાની મેળે અલગ થાય છે, તેમ મને મૃત્યુથી છોડાવીને મુક્તિથી ન છોડાવો અર્થાત્ મને મુક્તિનો ભાગી કરો. વળી શ્વેતાશ્વતર ઉપનિષદમાં કહ્યું છે કે—**देवानां प्रभवश्चोद्भवश्च विश्वाधिपो रुद्रो महर्षिः । हिरण्यगर्भं जनयामास पूर्वं स नो बुद्ध्या शुभया संयुनक्तु** ॥ દેવતાઓની ઉત્પત્તિ પાલન પ્રલય કરવાવાળા સંસારના અધિપતિ રુદ્ર મહર્ષિએ પ્રથમ બ્રહ્માને ઉત્પન્ન કર્યા છે તે અમારી બુદ્ધિ શ્રેષ્ઠ કાર્યમાં લગાવે આ મંત્રથી શિવને સર્વ સંસારનું કારણ કહ્યા છે, **विश्वस्यैकं परिवेष्टितारं मीशं तं ज्ञात्वाऽमृता भवन्ति** ॥ સર્વ સંસારના નિયન્તા મહાદેવને જાણીને મુક્ત થાય છે. તથા **तमेव विदित्वाऽतिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय** ॥ મનુષ્ય તે મહાદેવના જ્ઞાનથી મુક્ત થાય છે, તેથી અન્ય મુક્તિનો ઉપાય નથી. વળી **य एतद्विदुरमृतास्ते भवन्त्यथेतरे दुःखमेवापियन्ति** ॥ જે પુરૂષ મહાદેવની ઉપાસના કરે છે, તે મુક્ત થાય છે, અને અન્ય પુરૂષ જન્મ મરણરૂપિ દુઃખ ભોગવે છે. ફરિ ચોથા અધ્યાયના ૨૧ મા મંત્રમાં કહ્યું છે કે—**रुद्र यत्ते दक्षिणं मुखं तेन मां पाहि नित्यम्** ॥ હે રુદ્ર જે તમારૂં દક્ષિણ મુખ છે, તે વડે નિત્ય અમારી રક્ષા કરો. શ્વેતાશ્વતર ઉપનિષદમાં કહ્યું છે કે—**मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरं** ॥

तस्यावयवभूतैस्तु व्याप्तं सर्वमिदं जगत् ॥ માયાને પ્રકૃતિ જાણવી અને માયિને મહેશ્વર જાણવા તેના અવયવરૂપ ભૂતવડે આ સર્વ જગત વ્યાપેલું છે. તથા અથર્વશિરા ઉપનિષદમાં કહ્યું છે કે—**यो वेदादौ स्वरः प्रोक्तो वेदान्ते च प्रतिष्ठितः। तस्य प्रकृतिलीनस्य यः परः स महेश्वरः ॥** જે વેદાદિમાં સ્વર કહ્યો છે જે વેદાન્તમાં પ્રતિપાદન કરેલ છે. તે પ્રકૃતિલીનના પર જે છે તે મહેશ્વર છે. કૈવલ્ય ઉપનિષદમાં કહ્યું છે કે—**उमासहायं परमेश्वरं विभुं त्रिलोचनं नीलकण्ठं प्रशान्तं ॥ ध्यात्वा मुनिर्गच्छति भूतयोनिं समस्तसाक्षिं तमसः परस्तात् ॥** પાર્વતિસહાય પરમેશ્વર, સર્વવ્યાપક ત્રિલોચન શાન્ત નીલકંઠનું ધ્યાન કરી સમસ્તના સાક્ષિરૂપ અંધકારથી પર રહેલા શિવને પ્રાપ્ત થાય છે. વળી શ્રુતિમાં કહ્યું છે કે—**तस्य प्रोक्ता अग्र्यास्तनवो ब्रह्मा विष्णु रुद्रः स ब्रह्मा स शिवः ॥** પ્રથમ શરીરો જે બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર તે તેના પરમાત્માનાજ કહ્યા છે તે બ્રહ્મા તેજ શિવ છે. એ રીતે શ્રુતિએ અભેદ પ્રતિપાદન કરેલ છે તથા અગ્નિપુરાણ અધ્યાય ૧૨ ઉદાહરણ સ્થલમાં કહ્યું છે કે—**आवयोर्नास्ति भेदो वै भेदी नरकमाप्नुयात् ।** આપણા બેમાં ભેદ નથી છતાં જે પુરુષ મારા અને તમારામાં ભેદ જાણે છે તે નરકને પામે છે વાલ્મિકીય રામાયણના લંકા કાંડના ૧૨૫ સર્ગમાં રામચન્દ્રે લંકાથી અયોધ્યાએ જતા પુષ્પક વિમાનમાં બેઠા જાનકીજીને કહેલ છે કે—**अत्र पूर्वं महादेवः प्रसादमकरोद्विभुः ॥** અહિંઆ સાગરના કિનારાપર રાવણને માર્યા પહેલા મેં મહાદેવજીનું પૂજન કર્યું હતું, અને તે મારા ઉપર પ્રસન્ન થયા હતા. તથા મહાભારત [illegible] અ. ૩૯ શ્લો. ૧૫ માં કહ્યું છે કે—**शरण्यं शरणं मत्वा**

भगवन्तं पिनाकिनम् ॥ मृन्मयंस्थंडिलं कृत्वा माल्येना पूजयद्भवम् ॥ અર્જુન, શરણાગત રક્ષક, મહાદેવજીના શરણને પ્રાપ્ત થઈને મહાદેવજીની મૂર્તિ માટીની મૂર્તિ બનાવીને ગંધ પુષ્પાદિથી પૂજન કરવા લાગ્યો. તથા વનપર્વ અ ૮૩ મા મૃગ ધૂમ તીર્થ પ્રસંગમાં અગસ્ત્યે કહ્યું છે—मृगधूमंततो गच्छेत् त्रिषु लोकेषु विश्रुतम् ॥ तत्राभिषेकं कुर्वीतगंगायां नृपसत्तम ॥ अर्चयित्वा महादेव मश्वमेधफलंलभेत् ॥ મૃગધૂમ તીર્થમાં જઈને ગંગાસ્નાન કરી મહાદેવજીનું પૂજન કરવાથી અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે. વળી ત્યાંજ પંચવટી તીર્થ યાત્રામાં—यत्रयोगेश्वरःस्थाणुःस्वयमेव वृषध्वजः ॥ तमर्चयित्वादेवेशंगमनादेव सिद्ध्यति ॥ જ્યાં યોગેશ્વર વૃષભધ્વજ (શંકર) આપ સ્થિત છે. તેમની અર્ચા કરી સ્વસ્થલે જવાથી પુરુષ સિદ્ધ થાય છે. ફરિ એજ પ્રસંગમાં—तत्रैव महराज विश्वेश्वर मुमापतिम् ॥ अभिगम्य महादेवं मुच्यते सर्व किल्बिषैः ॥ હે મહારાજ એ સ્થાનમાં વિશ્વેશ્વર ઉમાપતિનું અર્ચન કરવાથી સર્વ પાપ નષ્ટ થઈ જાય છે. ફરિ અ ૮૪ મા કહ્યું છે—ततो वाराणसींगत्वा अर्चयित्वा वृषध्वजम् ॥ कपिलाह्रदेनरःस्नात्वा राजसूय फलंलभेत् ॥ પછી કાશીમાં જઈ ઉમાપતિનું પૂજન કરી કપિલાહ્રદમાં સ્નાન કરવાથી રાજસૂય યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે. દ્રોણ પર્વમાં કહ્યું છે—जन्म कर्म तपोयोगा स्तयोस्तवच पुष्कलम् ॥ ताभ्यां लिंगेऽर्चितो देवस्त्वयाऽर्चायां युगे युगे ॥ सर्वरूपं भवं ज्ञात्वा लिंगे योऽर्चयति प्रभुं ॥ आत्मयोगाश्च तस्मिन्‍ [illegible]

योगाश्च शाश्वताः ॥ सर्वं भूतभवं ज्ञात्वा लिङ्गं पर्यर्चितः प्रभोः ॥ तस्मिन्नभ्यधिकां प्रीतिं करोति वृषभध्वजः ॥ દ્રોણાચાર્યના મૃત્યુ પછી અશ્વત્થામાના અસ્ત્ર જ્યારે શ્રીકૃષ્ણ અર્જુન ઉપર નિષ્ફળ થયા, ત્યારે અશ્વત્થામાએ તેને ધિક્કાર દીધો, ત્યારે વ્યાસજીએ આવીને કહ્યું કે જન્મકર્મ તપયોગ તમારા કૃષ્ણાર્જુનની તુલ્ય જ છે પરન્તુ એ બન્નેએ શિવલિંગનું અર્ચન કર્યું છે અને તેં શિવમૂર્તિનું પૂજન કર્યું છે જે શિવને સર્વસ્વરૂપ જાણીને લિંગાર્ચન કરે છે તેનામાં આત્મયોગ અને સમ્પૂર્ણ શાસ્ત્રયોગ પ્રાપ્ત થાય છે અને શિવને સર્વ ભૂતમય જાણીને પૂજે છે તો શિવજી એના ઉપર બહુ પ્રીતિ કરે છે ફરી એજ પર્વના અધ્યાય ૨૦૩ મા **ऋषयश्चैव देवाश्च गन्धर्वाप्सरसस्तथा ॥ लिङ्गमस्यार्चयन्तिस्म तच्चाप्यूर्ध्वं समास्थितम् ॥** વ્યાસજીએ અર્જુનને કહ્યું છે કે-ઋષિ, દેવતા, ગંધર્વ, અપ્સરા એઓ ઉર્ધ્વ સ્થિત લિંગનું પૂજન કરતા લાગ્યા—**यस्य ब्रह्माच विष्णुश्च त्वंचापि सहदैवतैः अर्चयेथाः सदालिङ्गं तस्माच्छ्रेष्ठतमो हिसः ॥** મહાભારત અનુશાસન પર્વ અ. ૧૪ માં ઉપમન્યુ આચાર્યે શ્રી કૃષ્ણ પરત્વે કહ્યું છે કે-જેના લિંગને બ્રહ્મા, વિષ્ણુ, અને દેવતા સહિત સદા તમે પૂજો છો તે કારણથી તે સર્વ શ્રેષ્ઠ છે. બ્રહ્મ વૈવર્ત પુરાણના કૃષ્ણ જન્મ ખંડ. અધ્યાય ૩૭ માં શ્રી કૃષ્ણે રાધિકાને કહ્યું છે કે—**ममभक्तिंच दास्यंच भुक्तिंच मुक्तिंच सर्व सम्पदाम्। सर्व सिद्धिं दातुमीशो नदाता शङ्करात्परः ॥** મારી ભક્તિ, દાસ્યતા, ભુક્તિ, મુક્તિ વગેરે સર્વ સર્વ-

અર્થાત્ દેવતાઓમાં મહાદેવ શિવાય બીજો કોઈ દાતા નથી. વિષ્ણુ પુરાણના પાંચમા અંશના અધ્યાય ૩૩ મા કહ્યું છે કે—**त्वत्तोऽविभिन्नमात्मानं द्रष्टुमर्हसि शङ्कर ॥ योऽहं सत्वंजगच्चेदं सदेवासुरमानुषम् । अविद्या मोहितात्मानः पुरुषा भिन्नदर्शिनः ॥**— આ કૃષ્ણે શિવજીને કહ્યું છે કે— હે શંકર આપે બાણાસુરને અભયદાન આપ્યું છે. તે મેંજ આપ્યું છે કારણ કે હું અને તમે એકજ છીએ. જે હું છું, તે તમે છો. દેવતા, અસુર, મનુષ્યોના સહિત આ સર્વ જગત મારૂં તથા તમારૂં રૂપ છે, ભિન્નદર્શી પુરૂષ અવિદ્યાથી મોહિત થઈ રહ્યા છે. તે કારણથી ભેદ માને છે ભાગવત દશમસ્કંધ અધ્યાય ૧૨ મા શ્લોક ૪૦ મા—**क्षेमी स्यात्कथं विश्वेशे कृतपापो जगद्गुरौ ॥** આ વિષ્ણુએ કહ્યું છે કે—જગતના ગુરૂ આપમાં પાપ બુદ્ધિ કરનારો પુરૂષ કેવી રીતે સુખી થાય ? (અર્થાત નજ થાય) તથા દશમસ્કંધના ૫૮ મા અધ્યાયમાં કહ્યું છે—**आराध्य देवदेवेशं शङ्करं लोकशङ्करम् । तपसा तोषयित्वा तं कैलासगिरि वासिनम् । रुक्मिण्यां तनयं लेभे दग्धं कामं पुनर्हरिः ॥** આ કૃષ્ણે લોકનું કલ્યાણ કરનાર, દેવદેવેશ, શંકરનું આરાધન કરી કૈલાસમાં નિવાસ કરનાર તે શંકરને- પ્રસન્ન કરી રૂક્મિણી નામના પોતાની સ્ત્રીમાં દગ્ધ થએલા કામદેવ રૂપી પુત્ર (પ્રદ્યુમ્ન રૂપે) વરદાનથી મેળવ્યા. શતાતપ મુનિએ ધર્મશાસ્ત્રના પ્રાયશ્ચિત્ત પ્રકરણમાં કહ્યું છે—**मद्यं पित्वा गुरुदारांश्च गत्वा स्तेयं कृत्वा ब्रह्महत्यांच कृत्वा । भस्मच्छन्नो भस्मशय्याशयानो रुद्राध्यायी मुच्यते सर्वपापैः ॥** મદ્યપાન, ગુરૂ

દાર ગમન, ચોરી અને બ્રહ્મ હત્યા કરનાર પુરૂષ, તેના પ્રાયશ્ચિત માટે તમામ શરીરે ભસ્માલેપન કરી ભસ્મની શય્યાના શયન કરી રૂદ્રાધ્યાયનો પાઠ કર્યા કરે તો તેથી ઉપરના તમામ પાપથી વિનિર્મુક્ત થાય છે. યાજ્ઞવલ્ક્ય કહે છે—**ब्राह्मणः स्वर्णहारीतु रुद्रजापी जले स्थितः ॥** સુવર્ણ (સોના) ની ચોરી કરનાર બ્રાહ્મણ, રૂદ્રાધ્યાયનો જપ કરવાથી શુદ્ધ થાય છે. અત્રિ ઋષિ કહે છે—**एकादश गुणात्वापि रुद्रानावर्त्य शुध्यति ॥** અગ્યાર વખત ચિત્તસ્મરણ કરી પાઠ કરવાથી શુદ્ધ થાય છે. **अग्नि पुराण अध्याय** ૫૪ મા **पूज्यो हरस्तु सर्वत्रलिङ्गे, पूर्णार्चनं भवेत् ॥** સર્વ લિંગમાં પૂજન કરવાથી પૂર્ણાર્ચન થાય છે. લિંગનો અર્થ ઉલટો ન સમજવો તેને માટે સૂતસંહિતાના ચોથા અધ્યાયના ચોથા શ્લોકપરની તાત્પર્ય દીપિકા નામે ટીકામાં કહ્યું છે—**लीयन्ते यत्र भूतानि निर्गच्छन्तियतः पुनः ॥ तेनलिंगपरं व्योम निष्कलः परमः शिवः ॥** જેમાં સર્વ પ્રાણીઓ લય પામે છે અને ફરીને જેમાંથી ઉત્પન્ન થાય છે તેને લઇને તે લિંગપર વ્યોમ, નિષ્કલ પરમશિવ સ્વરૂપ છે. એ જ્યોતિ સ્વરૂપ લિંગ શિવ સ્વરૂપ સ્વયં પ્રકાશ છે. સ્કંધપુરાણમાં લખ્યું છે—**एक एव शिव साक्षात्सृष्टि स्थित्यन्त सिद्धयो ब्रह्म विष्णु शिवा ख्याभिः कल्पनाभिर्विजन्मते ॥** એક સાક્ષાત્ શિવજ ઉત્પત્તિ, પાલન, લય, કરવાને બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્ર રૂપે થયા છે. સ્મૃતિમાં કહ્યું છે—**ब्रह्माणं केशवं रुद्रं भेद भावेन मोहिताः । पश्यन्त्येकं नजानान्ति पाखण्डोप हता जनाः ॥** જેઓ બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્રને ભેદ ભાવ વડે મોહિત થઇને

એક રૂપે જોતા નથી તથા એક રૂપે જાણતા નથી, તેઓ પાખંડી અને મોક્ષથી ભ્રષ્ટ થયા સમજવા (તેમનો મોક્ષ થનાર નથી) સૂતસંહિતામાં કહ્યું છે કે—**रजोगुणेन सञ्छन्नो ब्रह्मा विष्ठाय तंगुणम् । स्रष्टा भवति सर्वस्य जगतः पण्डितोत्तमाः । गुणेन तमसा छन्नो विष्णुः सत्त्व गुणं बुधाः । अधिष्ठाय भवेत्सर्व जगतः पालकः प्रभुः। तथा सत्त्वगुणच्छन्नो रुद्रो विप्रा स्तमोगुणम् । अधिष्ठाय भवेद्धन्ता जगत सत्यवादिनः ॥** હે ઉત્તમ પંડિતો રજોગુણથી આચ્છાદિત થયેલા બ્રહ્મા રજોગુણનો આશ્રય કરી સર્વ જગતના ઉત્પાદક થાય છે. તમોગુણથી આચ્છાદિત થયેલા વિષ્ણુ, સત્વગુણનો આશ્રય કરી સર્વ જગતનું પાલન કરવામાં સમર્થ થાય છે. અને હે સત્યવાદિ વિપ્રો તેવીજ રીતે સત્વગુણથી આચ્છાદિત થયેલા રૂદ્ર, તમોગુણનો આશ્રય કરિ જગતના સંહારક થાય છે કુમારમાં કહ્યું છે કે—**नमस्त्रिमूर्त्तये तुभ्यं प्राक्सृष्टेः केवलात्मने । गुणत्रयविभागाय पश्चाद्भेद मुपे युषे ॥** આપ જે ત્રણ મૂર્તિઓવાળા છો, સૃષ્ટિથી પહેલાં કેવળ સ્વરૂપે રહેનાર છો અને પાછળથી ભેદ પામ્યા છો, તેમને પ્રણામ કરીયે છીયે. **नमो विश्वसृजे पूर्व विश्वं तदनु बिभ्रते ॥ अथ विश्वस्य संहर्त्रे तुभ्यंत्रेधा स्थितात्मने ॥** પ્રથમ જગતને સૃજતા પછી જગતનું પોષણ કરતા અને છેવટ જગતનો સંહાર કરતા એટલે એવિ રીતે ત્રણ મૂર્તિઓરૂપે રહેલા સ્વરૂપવાળા આપને પ્રણામ કરીએ છીએ તથા કાદંબરીમાં કહ્યું છે કે—**रजोजुषे जन्मनि सत्ववृत्तये स्थितौ प्रजानां प्रलये तमः स्पृशे ॥ अजाय सर्ग स्थिति नाशहेतवे त्रयी-**

मयाय त्रिगुणात्मने नमः ॥ પ્રજાઓની સૃષ્ટિ કરવાના સમયમાં રજો-ગુણને સેવનાર, સ્થિતિ કરવાના સમયમાં સત્વગુણને સેવનાર, પ્રલય કર-વાના સમયમાં તમોગુણને સેવનારા, અજન્મા, સૃષ્ટિ, સ્થિતિ, અને પ્રલ-યના કારણરૂપ ત્રયીમય અને ત્રણ ગુણમય સ્વરૂપવાળા પરમાત્માને પ્રણામ કરીએ છીએ **श्याम श्वेतारुणाङ्गा जल धरणिधरोत्फुल्लप ङ्करुहस्था मोमासावित्र्युपेतारथचरण पिनाकाग्रहुङ्कारशस्त्राः । दत्राद्रि अष्टनेत्रा जगदवन समुच्छेदनोत्पत्तिदक्षाः प्रीतास्रः पान्तु नित्यं हरिहर विधयस्तार्क्ष्य गोहंसपत्राः ॥** અનુક્રમથી શ્યામ, શ્વેત તથા લાલ અંગોવાળા, જલ. પર્વત, અને પ્રફુલ્લિત કમળ, ઉપર સ્થિતિ કરનારા, લક્ષ્મી, પાર્વતી અને સાવિત્રીથી સંયુક્ત, ચક્ર, પિનાયક, અને ઉંહુંકારરૂપી શસ્ત્રોવાળા, બે, ત્રણ અને આઠ નેત્રોવાળા, જગતનું રક્ષણ, પ્રલય, અને ઉત્પત્તિની ક્રિયામાં કુશળ, ગરૂડ, વૃષભ, અને હંસરૂપી વાહનવાળા, વિષ્ણુ, શિવ અને બ્રહ્મા એ ત્રણ દેવ-તાઓ તમારૂં રક્ષણ કરો. વિષ્ણુ ભગવાન કહે છે કે-**शिवो ममात्मा ममचक्षुरर्को बुद्धिर्गणेशो ममशक्ति राद्या । त्रिभेदबुद्ध्या मयिये भजन्ति मामङ्गहीना नरके पतन्ति ॥** શિવ મારો આત્મા છે, સૂર્ય મારાં નેત્ર છે. ગણપતિ મારી બુદ્ધિ, આદ્ય શક્તિ મારી શક્તિ તેઓમાં અને મારામાં વિભેદ બુદ્ધિથી જે પુરૂષો મને ભજે છે તે અંગહીન પુરૂષો નરકમાં પડે છે. યાજ્ઞવલ્ક્ય ઋષિ કહે છે કે-**यदा सत्त्वस्वभावेन विष्णुं वा रुद्रमेव वा । यथाशक्त्यर्चयेद्भक्त्या एतदीश्वरपूजनम् ॥**

વિષ્ણુ અથવા મહાદેવનુ એકત્ર ચિત્તવડે યથાશક્તિ પુષ્પાદિકોથી જે અર્ચન કરવુ તેનુ નામ ઈશ્વર પૂજન છે. મુદ્ગલમુનિ કહે છે કે-**शिवार्चन सदा कार्यं भुक्ति मुक्ति प्रदन्नृभिः । प्राक्पश्चिमो दगास्यैस्तु प्रातः सायं निशासु च ॥** ભુક્તિ અને મુક્તિ ને આપનાર શિવાર્ચન મનુષ્યોએ હમેશા પ્રાતકાળ સાયંકાળ અને રાત્રીને વિષે પુર્વ, પશ્ચિમ અને ઉત્તરદિશા મુખે કરવુ. વ્યાસ ઋષિ કહે છે કે-**यथा लब्धोपचारैस्तु षोडशैः श्रद्धयायुतः ॥ द्विजः सम्पूजयेन्नित्यं वेदोक्त विधिना सुरान ॥** હમેશા શ્રદ્ધાયુક્ત દ્વિજ યથા પ્રાપ્ત ષોડશ ઉપચારવડે વેદોક્ત વિધિ પ્રમાણે દેવોને પૂજે

આ પ્રમાણે ઉપરના વાક્યોથી વાચનારાઓના ખ્યાલમા આવ્યુંજ હશે કે શિવનુ નામ લેવાને બાધ નથી. તેમ શિવ વિષ્ણુ જુદા નથીજ એકજ છે, છતાં અણસમજથી નાહકનો દ્વેષ કરી પોતાનો સ્વાર્થ સાધવા માટે દ્વેષના વાક્યો આધુનિક સાંપ્રદાયિક આગ્રહિ લોકોએ ગ્રંથોમાં દાખલ કરી નાહકના લોકોને ભમાવે છે એ શોચનીય છે. એ પરસ્પર દ્વેષના વાક્યોમા કહ્યુ છે કે-**शिवार्चनाद् ब्राह्मणस्तु शूद्रेण समतामियात् । त्रिपुण्ड्रधरं विप्रं चाण्डाल मिव संत्यजेत् ॥ वैष्णवः पुरुषो यस्तु शिव ब्रह्मादि देवताः । प्रणमेतार्चयेद्वापि विष्ठायां जायते कृमिः ॥** શિવનુ પૂજન કરવાથી બ્રાહ્મણ શુદ્રની સમાન થઇ જાયછે. ત્રિપુંડ્રધારી બ્રાહ્મણને ચાંડાલની સમાન ત્યાગી દેવો. જે વૈષ્ણવો શિવાદિ દેવતાઓને પ્રણામ કરે અથવા પૂજન કરે તે વિષ્ટાનો કીડો થાય છે. એ પ્રમાણે અણસમજુ વૈષ્ણવો કહે છે.

. સમજનુ શૈવો ઉપરથી કહે છે કે-विष्णु दर्शन मात्रेण शिव
.. प्रजायते । शिव द्रोहान्नसन्देहो नरकं याति दारुणम् ।
तस्माच्च विष्णु नामापि न वक्तव्यं कदाचन । यः सन्तप्त शं-
खादि लिंगांकित तनुर्नरः । स सर्व यातना भोगी चाण्डालः
ेटि जन्मसु ॥ વિષ્ણુના દર્શન માત્રથી શિવનો દ્રોહ થાય છે.
। શિવના દ્રોહથી અવશ્ય દારૂણ નરકને પામે છે. તે કારણ માટે
ારે પણ વિષ્ણુનુ નામ ન લેવુ વળીજે જે પુરૂષ સપ્ત શંખા-
। ચિન્હિત (ધાતુની બનાવેલી છાપો તપાવીને શંખાદિની છાપ
ધેલો) હોય છે તે મનુષ્ય સંપુર્ણ નરકની યાતના ભોગવીને કોટી
મ સુધી ચાંડાલ થાય છે. એ પ્રમાણે કદાગ્રહી આધુનિક સા-
ાયિકોના ક્ષેપક શ્લોક પદ્માદિ પુરાણોના નામથી સાંભળીએ છીયે.
તે એ ઉપર બુદ્ધિમાન પુરૂષો વિચાર કરી શકશેજકે એ શ્લોક ઇર્ષ્યા
ના પરવશ થયેલા અજ્ઞાનીઓની કપોલકલ્પના છે. કે જે દ્રોહનુ મૂળ
છે. જો શિવનુ નામ લેવાથી પુજન કરવાથી માઠી ગતિ થતી હોયતો
ામાટે એમનુ નામ લે અગર પૂજન કરે, વળી રામચંદ્રજીએ
ગવાને, બૃહસ્પતિ, વ્યાસ, વાલ્મિક, અગસ્ત્યાદિ ઋષિઓએ, દેવ,
ામરાદિકોએ, જે શિવનુ ગાન કરેલ છે તથા પૂજન કરેલ છે
ગતિ થશે ? તે એવુ કદાગ્રહનુ વાક્ય કહેનાર સંપ્રદાયને અતુ
એ વિચારવું. વળી વિષ્ણુ ભગવાને પોતે પણ એમનુ નામ
થા પૂજન અર્ચનાદિ કરેલ છે. અને આમે એક રૂપે છીયે
. તો તેમની પણ શી ગતિ થવાની ? તે પણ વિચારવું. તે

કદાગ્રહી શૈવ તથા વૈષ્ણવ બન્નેના મુખ્યાઇ ભરેલાં કદાગ્રહના
આરે તે સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે. શિવ અને વિષ્ણુ
એમાં જરા પણ ભેદ નથી એ નિશ્ચય માનવુ

આ પ્રસંગે એક વાત મુકવામા આવે છે તે એ કે—એક મ
હાત્મા હતા. તેમના બે શિષ્યો હતા, એક મહોટો અને બીજો નહાનો
મહોટો શિષ્ય જમણા પગની સેવા કરતો હતો અને નહાનો શિષ્
બા પગની સેવા કરતો હતો, તે પગમા તેઓ એ મમતા બાધી,
એક સમયે ગુરૂજી જમણું પડખું વાળી સુતા ત્યારે ડાબો પગ જ
પગ ઉપર આવ્યો આ વખતે નહાનો શિષ્ય કાર્ય પ્રસંગે ગામમા
હતો પણ મહોટો શિષ્ય ગુરૂજી પાસે બેઠો હતો. તેણે નહાના શિ
ગુરૂસેવાનો ડાબો પગ પોતે જે ગુરૂજીના જમણા પગની સેવા ક
તેમના ઉપર આવેલો જોયો, તે જોઇ તે મહોટા શિષ્યને ગુસ્સે થયે
છે? મારી સેવાના પગપર એ નહાના શિષ્યની સેવાનો પગ શા ક
આવે? આ મનમા ક્રોધલાવી એક લાકડી લઇ નહાના શિષ્યનો
સેવાનો જે ડાબો પગ છે તેના પર બે ત્રણ વખત પ્રહાર કર્યા, તેટલા
માં નહાનો શિષ્ય આવ્યો અને પોતાની સેવાના પગને પ્રહાર
જોઇને નહાનો શિષ્ય એક લઠ લઇને મહોટા શિષ્યનો ગુરૂની
જે જમણો પગ, તેના પર પ્રહાર કરવા માંડયો. એ પ્રમાણે
ગુરૂજીના પગ પર પ્રહાર થવાથી ગુરૂએ બુમો પાડવા માંડિ કે
આ મુરખા મને મારે છે. એ અવાજ શાભળી આસપાસથી
દોડી આવ્યાં, અને જુએ છે તો બન્ને જણા પ્રહાર કરે
છે તે આવનાર માણસો એ અટકાવી કહ્યું કે તમે આમ

નારે મૂરખ શિષ્યો એ કહ્યુ કે—આ ગુરૂજીના જમણા પગની સેવા મ્હોટો માટે કરૂં છું, અને આ ડાબો નહાના શિષ્યની સેવાનો છે, નહાનાની સેવાનો પગ, મારી સેવાના પગ પર શામાટે આવે? શુ અન્યાય નથી? માટે શિક્ષા કરૂંજ ના? નહાના એ કહ્યુ કે. એ સેવાના પગપર પ્રહાર કરે તો હું શામાટે એની સેવાના પગપર ન કરૂ? શ્રોતાજનો કહે કે શાબાશ છે તમો બન્ને શિષ્યોને, અરે કો એ પ્રહાર તમે કોનાપર કરોછો તે તો જુઓ? એતો તમારા અંગપર પ્રહાર કરી બીચારા તમારા ગુરૂના પગ ભાગી નાખ્યા, ક્યમારી કેવી મૂર્ખાઇ? જાઓ ના લાયકો અંહિથી ભાગી જાઓ? થી બન્ને શિષ્યોને કાઢી મુકયા, અને ગુરૂજીને આરામ થવા હવા થી કેટલેક દિવસે સાજા થયા. તો આ કદાગ્રહી વાકયો પણ સમજુનાં છે. તેઓ એ પરસ્પર દ્વેષથી જે પ્રહાર કરાય છે પોતાના ઇષ્ટદેવપરજ થાય છે. એમ સમજી એવા નાહકના દ્વેષ રહેવુ અતિ ઉત્તમ છે, અને ઉપર દાખલા તરીકે બતાવેલા મુ શિષ્યોના જેવું ન થવાય તે ઘણુ સારૂ છે. તેજ સમજુ અને પરમ શોભા છે.

ઇતિ શિવમ્ ૐ શાંતિ શાંતિ શાંતિ.

ઇતિ શ્રી શંકર જગન્નાથ તીર્થ સ્વામીના નારાયણ સ્મરણ.

સમાપ્ત.